**PRESS RELEASE**

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા

www.rbi.org.in
www.rbi.org.in\hindi
e-mail: helpprd@rbi.org.in

**પ્રેસ રિલીઝ ડિવીઝન, સેન્ટ્રલ ઓફિસ, પોસ્ટ બોકસ નં. 406, મુંબઇ 400001**
ફોન : 2266 0502 ફેકસ : 2266 0358, 2270 3279

9 જૂન, 2005

**મૃતકોના જમાખાતાઓ : આરબીઆઇ એ બેંકોને કરદાવાઓનો કષ્ટમુકત નિવારણ કરવાની સલાહ આપી.**

**આરબીઆઇ** એ બેંકોના આઇધર ઓર સરવેવર તથા નોમીનેશન ધરાવતા ખાતઓમાં મૃતકનાં જમાખાતાઓનું ભુગતાન સર તેમજ કષ્ટમુકત કરવા માટે બેંકોને સલાહ આપી છે. **આરબીઆઇ** એ સુચવ્યુ છે કે આવા કિસ્સાઓમા ઓછામા ઓછા તથા જરૂર મુજબનાજ દસ્તાવેજોને આધારે સકસેશન સર્ટિફીકેટ વગર પણ ખાતના બેલેન્સ પ્રમાણેજ ભુગતાન કરી આપવુ. આ વાત જાહેર જનતાના હિતો સાથે જોડાલે હોય આ બાબતનો બહોળો પ્રચાર કરવા કરવાની પણ **આરબીઆઇ** એ સલાહ આપી છે તથા એમ પણ સૂચન કરવા જણાવ્યું છે કે બેંકો આવી બાબતો રોકવા "આઇધર ઓર સરવેવર" અથવા નોમીની નીમવાને પ્રોત્સાહન આપો.

વધુમા **આરબીઆઇ** એ જણાવ્યું છે કે : ઉપરોકત સુચનો, ટર્મ ખાતાઓ તથા બેંકના સેઇફ ડિપોઝીટ લોકરના ઉપયોગ ઉપર પણ લાગુ પડશે.

ટર્મ ડિપોઝીટ ખાતોઓ :
ટર્મ ડિપોઝીટ ખાતાઓમાં **આરબીઆઇ** એ બેંકને મૃતકના ટર્મ ડિપોઝીટ ખાતાને વગર કોઇ દંડે વહેલા બંધ કરવાની પરવાનગી આપી છે. **આરબીઆઇ** એ આ સુચન બેંકોને ખાતા ખોલવાની અરજીમાજ આવરી લેવા જણાવ્યું છે.

જમાકર્તાના મૃત્યુ બાદ ખાતામા જમા થયેલ રાશિ :

પાઇપલાઇનમા રહેલ રાશીઓ, જેવી કે વ્યાજ, ડિવીડન્ડની આવક વિગેરે મૃતકના ખાતામા જમા થતી રહેશે. આવી કિસ્સાઓમા મૃતકના કાયદાકિય વારસદાર નિચે મુજબની કાર્યવાહી કરી શકે છે. આવી કિસ્સાઓમાં બેંક "એસ્ટેટ ઓફ શ્રી __________, ધી ડિસીસઝડ" નામનું કેમા આવી રાશી જમા કરી શકશે. પણ આ ખાતામાંથી કોઇજ ઉપાડ થઇ શકશે નહીં અથવા બેંક જે તે જમા કર્તાનો પેમેન્ટ એડવાઇસ પાછી મોકલી તેને જાણ કરશે કે ખાતેદાર મૃત્યુ પામ્યા છે તથા આ વાતની જાણ બેંકે મૃતકના કાયદાકીય વારસદાર / સરવાઇવર / નોમીની ને કરવાને રહેશે જેની તેઓ આ ઉપર યોગ્ય કાર્યવાહી કરી યોગ્ય વ્યકિત સુધી નાણા પહોંચાડી શકે.

લોકરના વપરાશની મંજુરી માટે :

**આરબીઆઇ** એ મૃતકના લોકરના વપરાશ માટે પણ ઉપર મુજબનીજ કાર્યવાહી કરવાને સલાહ આપી છે.

કલેઇમના સેટલમેન્ટને સમય મર્યાદા :

**આરબીઆઇ** બેંકોને કલેઇમ પૂરા કરવા માટે તથા રાશિના ભુગતાન માટે આઇધર ઓર સરવેવર ખાતાઓ મા " સરવેવર " તથા નોમીની ખાતાઓ મા નોમીનીને ચકાસણી બાદ તથા ખાતેદાર ના મૃત્યુ ના યોગ્ય પુરાવા મળ્યા બાદ, કલેઇમથી 15 દિવસના અંદર આવા કેસોનો નિકાલ કરવાનો રહેશે. બેંકોને એ પણ હુકમ કરવામાં આવેલ છે કે બિનજરૂરી પરેશાની ના કિસ્સાઓને **આરબીઆઇ** ગંભિરતાથી નોંધ લેશે તથા યોગ્ય પગલા લેશે.

વધુમા બેંકોએ શું કરવાનું રહેશે ?

વધુમા બેંકોએ સમયાંતરે તેના ગ્રાહક એના સમિતીમા આવા કલેઇમસની સંખ્યા, લોકર ખાતા અંગેના કલેઇમસની સંખ્યા દર્શાવવાની રહેશે. આ સાથે અરજીથી 15 દિવસથી વધુના કલેઇમસની વિગતો સકારણ આપવાની રહેશે. **આરબીઆઇ** એ વધુમા આઇબીએને, **આરબીઆઇ**ના ધારા ધોરણો મુજબ એક સુચક કાર્યપધ્ધતિ બહાર પાડવાનો નિર્દેશકર્યો છે. બેંકોને પણ ખાતેદારોને નોમીની તથા સરવાઇવર શીપ ખાતાઓના ફાયદાની માર્ગદર્શીકા બનાવે તેનો પ્રચાર કરવા જણાવ્યુ છે.

અલ્પના કિલ્લાવાલા
મુખ્ય મહા પ્રબંધક

**પ્રેસ રિલીઝ: 2004-2005/1298**